શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
~~Rs. 5800/-~~ Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) ચેકઅપ (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS, GHB
- કીડની તપાસ (Kidney {Renal} Profile) Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin, ALP, Protien
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- છાતીની તપાસ (Chest X-Ray)
- ન્યુટ્રીયન તપાસ (Nutrition Profile) Vita B12, Vita D3
- હૃદયની તપાસ (Cardiac Test) ECG
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test
- દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT · ઉપનાહ સ્વેદન · લેપન · વેધાગ્નિકર્મ · પંચકર્મ
EKLપંચકર્મ · પટ્ટબંધન · અગ્નિકર્મ · ક્ષારકર્મ · વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ બારસ રવિવાર ૨૬ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૪

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦


# સત્તા હારી, યુવા શક્તિ જીતી



# ધર્મેન્દ્ર હવે 'પ્રધાન' ન રહ્યા!

## વિવાદના કારણે રાજીનામું આપનાર પ્રધાન બીજા કેન્દ્રીય શિક્ષણ મંત્રી

કોઈ વિવાદના કારણે રાજીનામું આપનારા પ્રધાન દેશના બીજા કેન્દ્રીય શિક્ષણ મંત્રી પણ છે. આ પહેલાં 1967માં, એમ. સી. છાગલાએ નીતિગત અને રાજકીય મુદ્દાઓ પર સરકાર સાથેના મતભેદોને કારણે ઇન્દિરા ગાંધીની કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું.

## ૧૯૯૭માં ધર્મેન્દ્ર પ્રધાનને કારણે ઓડિશાના શિક્ષણ મંત્રીએ રાજીનામુ આપવું પડ્યું હતું !

**કટક.** ઉંચુ રાજકીય કદ ધરાવતા નેતા ભગબત પ્રસાદ મોહંતી, ઓડિશામાં જાનકી બલ્લભ પટનાયકની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારમાં શિક્ષણ મંત્રી હતા. મોહંતી 1980 અને 1990ના દાયકામાં બે વાર ઓડિશા વિધાનસભામાં ચૂંટાયા હતા. ધારાસભ્ય તરીકેનો તેમનો આ બીજો કાર્યકાળ હતો જેનું કનેક્શન હાલમાં જે બની રહ્યું છે તેની સાથે જોડાયેલું છે. 1997માં, ઓડિશા બોર્ડની 12મા ધોરણની અથવા રાજ્યમાં જેને પ્લસ 2 કહેવાય છે તેની પરીક્ષાઓમાં પેપર લીક થવાના આક્ષેપો થયા હતા. ભુવનેશ્વરના યુનિટ-5 સ્થિત રાજ્ય સચિવાલયની બિલકુલ બહાર, કથિત પેપર લીકનો વિરોધ કરવા અને મોહંતી તેમજ પટનાયક બંને પાસેથી જવાબદારી માગવા માટે 1,500 અન્ય લોકો સાથે એક યુવાન ઊભો હતો. તે યુવાન હતા ધર્મેન્દ્ર પ્રધાન. તેઓ તે સમયે વિદ્યાર્થી અગ્રણી હતા. હવે લગભગ ત્રણ દાયકા પછી, કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે, NEET-UG 2026 ની પરીક્ષામાં ગેરરીતિઓને લઈને થયેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રીપદેથી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું છે. સમયનું ચક્ર કઇ રીતે ફરે છે તેનું આ ઉદાહરણ છે.

### CJPના નેજા હેઠળ વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલન પછી છેવટે શિક્ષણ પ્રધાનનું પદ છોડ્યું

**રાષ્ટ્રવિરોધી** પરિબળો આ સ્થિતિનો લાભ નહીં ઉઠાવે તે માટે પોતે રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું

**જાહેર** વિવાદ બાદ રાજીનામું આપનાર મોદી સરકારના બીજા મંત્રી બન્યા, ૨૦૧૮માં મી ટુ ચળવળ વખતે એમ. જે. અકબરે રાજીનામું આપ્યું હતું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** NEET પેપર લીક વિવાદ અંગે વધતા જતા દબાણ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે રાજીનામું આપી દીધું છે. રાષ્ટ્રીય રાજધાનીથી શરૂ થઈને દેશના વિવિધ ભાગોમાં ફેલાયેલા સપ્તાહો સુધીના વિરોધ પ્રદર્શનો પછી, કેન્દ્ર સરકારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ની આગેવાની હેઠળના આંદોલનની મુખ્ય માંગણી સ્વીકારી લીધી છે. પ્રધાને એક નિવેદનમાં પોતાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, છેલ્લા ૧૦ દિવસના બનાવોથી તેઓ ખૂબ જ દુઃખી થયા છે ...અનુસંધાન પાના 8 પર



### પ્રહલાદ જોષીને હાલ શિક્ષણ ખાતાનો વધારાનો હવાલો

**નવી દિલ્હી.** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય મંત્રીમંડળમાંથી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તાત્કાલિક અસરથી મંજૂર કર્યા બાદ શનિવારે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો પ્રભાર સોંપવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા બહાર પાડવામાં આવેલી એક સત્તાવાર વિજ્ઞપ્તિ મુજબ, "ભારતના બંધારણની કલમ 75 ની પેટા-કલમ (2) હેઠળ, વડાપ્રધાનની સલાહ અનુસાર ...અનુસંધાન પાના 8 પર

## જંતર મંતર પર ઉજવણીનો માહોલ

**ઢોલ**-નગારાના અવાજો ગુંજી ઉઠ્યા, દેશભક્તિના ગીતો ગવાયા

**ચક દે** ઇન્ડિયાની ધૂન પર નૃત્ય કરવામાં આવ્યું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** NEET પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપતાં જંતર-મંતર પર શનિવારે હજારો પ્રદર્શનકારીઓ ઉત્સવની મજા માણી રહ્યા હતા. આ દરમિયાન દેશભક્તિના ગીતો, ઢોલ-નગારાના અવાજ અને વંદે માતરમના નારા ગુંજી ઉઠ્યા હતા. પ્રદર્શનકારીઓએ આ રાજીનામાને સપ્તાહોથી ચાલી રહેલા તેમના આંદોલનની પહેલી મોટી જીત ગણાવી હતી. કેન્દ્રીય મંત્રીઓ સાથેની બેઠક બાદ તરત જ 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) ના પ્રવક્તાઓએ જાહેરાત કરી હતી કે સરકારે તેમની તમામ ...અનુસંધાન પાના 8 પર



**એક સ્પેશ્યલ પોલીસ કમિશનર સહિત ત્રણ અધિકારીઓને ઇજા**

### પ્રધાનના રાજીનામા પછી કેટલાક દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો કર્યો

**નવી દિલ્હી.** કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના શનિવારે રાજીનામાની જાહેરાત થયાના થોડા જ સમયમાં જંતર-મંતર ખાતે આંદોલનકારીઓના એક જૂથે સુરક્ષાકર્મીઓ પર કથિત રીતે પથ્થરમારો કર્યો હતો, જેમાં એક સ્પેશિયલ પોલીસ કમિશનર સહિત ત્રણ પોલીસ અધિકારીઓ ઈજાગ્રસ્ત થયા છે, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે સુરક્ષા દળોએ અશ્રુવાયુ છોડ્યો હતો અને હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો, તેમ સૂત્રોએ ઉમેર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે વિરોધ સ્થળ પર વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ભીડ નિયંત્રણનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે પ્રદર્શનકારીઓનો એક ભાગ કથિત રીતે ઉશ્કેરાઈ જતાં હિંસા ભડકી ઉઠી હતી. પોલીસ સૂત્રના જણાવ્યા મુજબ, સ્પેશિયલ સેલના સ્પેશિયલ પોલીસ કમિશનર અનિલ શુક્લા, અન્ય વરિષ્ઠ અને ફીલ્ડ અધિકારીઓ સાથે ભીડને નિયંત્રિત કરવા અને સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવાના પ્રયાસોમાં સૌથી આગળ હતા.

### દેશભરમાં ઉત્તેજનાની લહેર પ્રસરાવનાર ૩૬ દિવસથી ચાલતા આંદોલનનો અંત

# NEET વિવાદનો અંતઃ ૩૬ દિવસ બાદ CJPનું આંદોલન સમેટાયું

**શિક્ષણ** મંત્રીના રાજીનામા અને તમામ માંગણીઓ સ્વીકારાતાં જંતર-મંતરથી પ્રદર્શન પાછું ખેંચાયું, તમામ FIR રદ થશે

**પરીક્ષા** પદ્ધતિમાં વ્યાપક સુધારાઓ સહિતની બાબતો પર ચર્ચા માટે સરકાર સાથે ચાર સપ્તાહ પછી ફરીથી બેઠક યોજાશે

**દેશભરના** વિદ્યાર્થી આંદોલનકારીઓને ધરણા સ્થળોએથી શાંતિપૂર્ણ રીતે ખસી જવાની CJPની અપીલ

**નવી દિલ્હી, 25 (PTI):** શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી તુરંત જ, 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) એ શનિવારે NEET મુદ્દે જંતર-મંતર પર ચાલી રહેલા પોતાના ૩૬ દિવસના વિરોધ પ્રદર્શનને તાત્કાલિક અસરથી પાછું ખેંચી લીધું છે. CJPએ જણાવ્યું હતું કે સરકારે તેમની તમામ માંગણીઓ સ્વીકારી લીધી છે.

CJPએ ઉમેર્યું હતું કે પરીક્ષા પદ્ધતિમાં વ્યાપક સુધારાઓ પર કામ કરવા માટે બંને પક્ષો ચાર અઠવાડિયા પછી ફરીથી બેઠક કરશે. ભારતભરના તમામ સ્થળો પરથી વિરોધ પ્રદર્શન તાત્કાલિક અસરથી પાછા ખેંચવાની જાહેરાત કરતા CJPના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે, પ્રધાનના રાજીનામા ઉપરાંત સરકારે આત્મહત્યા કરનારાઓના પરિવારોને સન્માનજનક વળતર આપવા અને દિલ્હી તથા અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં નોંધાયેલી FIR પાછી ખેંચવા માટે પણ સહમતિ દર્શાવી છે. સરકારી મધ્યસ્થીઓ - કેન્દ્રીય મંત્રીઓ જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહ સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં દાસે કહ્યું, "CJP જાહેરાત કરે છે કે અમે સારા વિશ્વાસ અને આ ...અનુસંધાન પાના 8 પર

### 'સુબહ હો ગઇ મામુ': દીક્ષેનો મોદી પર કટાક્ષ

'સુબહ હો ગઈ મામુ', કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીક્ષેએ શનિવારે 'મુન્નાભાઈ M.B.B.S.'ના આઇકોનિક સંવાદનો ઉપયોગ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા કહ્યું હતું. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાની જાહેરાત કર્યાના થોડી જ ક્ષણો બાદ તેમણે આ કટાક્ષ કર્યો હતો. દિલ્હીના જંતર-મંતર પર સ્થિત મંચ પરથી કરાયેલી આ ટિપ્પણીને ...અનુસંધાન પાના 8 પર

### આપઘાત કરનારાઓને વળતરની રકમ સરકારે જણાવી નહીં

CJPએ બાકીની માંગણીઓ પણ ઉઠાવી હતી જેમાં કોઈ પણ બદલાના પગલાં ન લેવા, વળતર પૂરું પાડવું, અને તેમના પાંચ મુદ્દાના ચાર્ટર પર વિચાર કરવો સામેલ છે. ચર્ચા પછી, પહેલો મુદ્દો એ હતો કે કોઈ પગલાં લેવામાં ન આવે અને કોઈ FIR નોંધવામાં ન આવે. જો દિલ્હી પોલીસ દ્વારા કે ભાજપ શાસિત રાજ્યોમાં પહેલેથી જ કોઈ FIR નોંધાયેલી હશે, તો તેને પાછી ખેંચી લેવામાં આવશે એમ ...અનુસંધાન પાના 8 પર

## જેન ઝી જ સાચા વિશ્વગુરુ: વાંગચુકનાં પત્ની

**નવી દિલ્હી, તા. 25.** પરીક્ષાના પેપર લીક મુદ્દે સપ્તાહો સુધી ચાલેલા સતત વિરોધ પ્રદર્શનો બાદ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપતાં સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકનાં પત્નીએ દેશના યુવાનોના વખાણ કરતાં કહ્યું કે, યુવાનોએ વિશ્વને બતાવી દીધું કે 'વિશ્વગુરુ' હોવાનો સાચો અર્થ શું થાય છે. ગીતાંજલિ અંગમોની આ ટિપ્પણીને મોટા ભાગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરના કટાક્ષ તરીકે જોવામાં આવી રહી છે, જેમના પર વિવેચકો દ્વારા 'વિશ્વગુરુ' શબ્દનો ઉપયોગ કરીને કટાક્ષ કરવામાં આવે છે. ...અનુસંધાન પાના 8 પર

# પેપર લીક કેસમાં તપાસ બે મહિનામાં પુરી કરવાની રહેશે

**નવા** કાયદામાં જોગવાઇ, જાહેર પરીક્ષા ગેરરીતિ નિવારણ (સુધારા) ખરડાનો મુસદ્દો લોકસભાના સભ્યોને આપવામાં આવ્યો, ખરડો સોમવારે રજૂ થવાની વકી

**આ ખરડામાં** પેપર લીક કરનારાઓ માટે મહત્તમ દસ વર્ષની જેલની સજા અને રૂ. ૧૦ કરોડના દંડ સહિત અનેક કડક જોગવાઇઓ છે

**નવી દિલ્હી, તા. 25 (PTI):** બે વર્ષ જૂના પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરવા માટેનું એક બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, જેમાં આરોપીઓ પર ઝડપી ટ્રાયલ ચલાવવા માટે દરેક રાજ્યમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવાનો પ્રસ્તાવ મુકાયો છે.

'પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અન્ફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬' મુજબ, પેપર લીકની ઘટનાઓ અંગેની તપાસ બે મહિનાની અંદર પૂર્ણ કરવાની રહેશે. લોકસભાના સભ્યોને રજૂઆત પહેલાં વિતરિત કરવામાં આવેલા ખરડાના મુસદ્દા અનુસાર, પરીક્ષાઓમાં પેપર લીક કે ગેરરીતિમાં સામેલ વ્યક્તિઓને ઓછામાં ઓછી ૫ વર્ષથી લઈને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની જેલની સજા અને ૫૦ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. સંગઠિત ગુનાઓ માટે આ બિલમાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડનો પ્રસ્તાવ છે. ખરડામાં જણાવાયું છે કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવા માટે નિર્દેશ આપવામાં આવશે, જે ચાર્જશીટ દાખલ થયાના ત્રણ મહિનાની અંદર ઝડપથી સુનાવણી કરીને ટ્રાયલ પૂરી કરશે. ...અનુસંધાન પાના 8 પર

### ઓએસએમ-નીટ વિવાદથી રાજીનામા સુધી

## ધર્મેન્દ્ર પ્રધાનના પતનનો આલેખ

**૯ ફેબ્રુઆરી (શરૂઆત):** CBSEએ ધોરણ ૧૨ની ઉત્તરવહીઓના 'ડિજિટલ મૂલ્યાંકન' (OSM) માટે પરિપત્ર બહાર પાડ્યો.

**3 મે (NEET લીક):** NEET-UG પરીક્ષામાં ગેરરીતિઓ સામે આવતા પરીક્ષા રદ કરાઈ અને તપાસ CBIને સોંપાઈ.

**૧૩ મે (CBSE ખામીઓ):** OSM સિસ્ટમ હેઠળ જાહેર થયેલા પરિણામોમાં ઝાંખા સ્કેન, ગુમ થયેલા પાના અને ગેરરીતિઓ સામે આવી. વિરોધ કરનાર વિદ્યાર્થીને ટ્રોલ કરાયો.

**૧૫ મે (જવાબદારીનો સ્વીકાર):** શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NEET લીકમાં "કમાન્ડ શ્રેણીમાં ખામી" હોવાનો સ્વીકાર કર્યો.

**૨૧ જૂન (ફરી પરીક્ષા):** ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે શાંતિપૂર્ણ રીતે ફરીથી NEET યોજાઈ.

**૧૬ જુલાઈ (CJPનું આંદોલન):** NEET પરિણામો બાદ અસંતોષ વધ્યો. વિદ્યાર્થીઓની 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) હેઠળ જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન શરૂ થયા.

**૨૦ જુલાઈ (નિર્ણાયક વળાંક):** CJPની 'ચલો સંસદ' માર્ચ પર પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસ છોડતા જનઆક્રોશ ફાટી નીકળ્યો. પ્રધાનના રાજીનામાની માંગ મુખ્ય બની.

**૨૫ જુલાઈ (અંત):** ભારે જનદબાણ અને આંદોલન સામે નમીને ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપ્યું.

### તા. ૨૫-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૪૭.૦૦ મીમી | મોસમનો ૧૩૭૧ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૧૫.૭૨ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.૧૦ સે. | ૨૪.૮૦ સે. | ૯૧% |


